કેદીઓને અપાતી કેન્ટીન કુપન તથા
તેઓના ઘર દ્વારા મળતા મનીઓર્ડરની
રકમ મર્યાદામાં વધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલક-૨૫૨૦૦૪-૪૯૧૧-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૫/૦૨/૨૦૧૬

વંચાણે લીધાઃ
૧. ગૃહ વિભાગના તા.૨૬/૦૪/૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃજલક/૨૫૨૦૦૪/૪૯૧૧/જ
૨. ગૃહ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃજલક/૨૫૨૦૦૪/૪૯૧૧/જ
૩. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૧૨/૨/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃજ્યુડી/૧/૧૧૯૭/૨૦૧૩
૪. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૧૧/૧૨/૨૦૧૩ના પત્ર માંકઃહસબ/૧/૨૪૬૨/૨૦૧૩
૫. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૧૯/૧૦/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃહસબ/૧/૨૦૩૧/૨૦૧૩

**આમુખઃ**

રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલ કેદીઓ જેલમાં ઉપલબ્ધ કરવામાં આવેલ કેન્ટીન સુવિધાનો લાભ મેળવી પોતાના સ્વ ખર્ચે જેલ કેન્ટીનમાંથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, સેનેટરી આઇટમ, પ્રસાધન સાધનો, સ્વાસ્થ્ય સંબંધિત દવાઓ, ફ્રુટ, તેમજ વિવિધ તહેવારો પ્રસંગે મીઠાઇ વગેરે કેન્ટીનમાંથી ખરીદી કરી શકે તે હેતુસર સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરાયેલ મનીઓર્ડરથી મેળવેલ રકમની આપવામાં આવતી કેન્ટીન કુપનની મર્યાદામાં વધારો કરી, ગૃહ વિભાગના સંદર્ભઃ(૧)માં દર્શાવેલ ઠરાવથી જેલમાં કેદીઓના સ્વજનો પાસેથી મંગાવવામાં આવતા મનીઓર્ડરની માસિક રકમ રૂ.૪૦૦/-માં વધારો કરી રૂ.૮૦૦/-ની મર્યાદા નિયત કરવામાં આવેલ હતી. ત્યારબાદ બજારમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ તથા સ્વાસ્થ્ય સંબંધિત દવાઓની કિંમતોમાં થયેલ વધારાને અનુલક્ષી કેદીઓ દ્વારા મનીઓર્ડરથી મેળવવામાં આવતી રૂ.૮૦૦/-ની રકમ અપર્યાપ્ત હોઇ, તે મર્યાદામાં વધારો કરી રૂ.૨૦૦૦/-ની મર્યાદા કરવા જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી દ્વારા આમુખઃ(૪) તથા તે અન્વયે સંદર્ભઃ(૫)માં દર્શાવેલ ક્રમાંકથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

તદુપરાંત ગૃહ વિભાગના સંદર્ભઃ(૨)માં દર્શાવેલ ઠરાવથી રાજ્યની જેલોની શિસ્ત અને સલામતીના પરીપ્રેક્ષ્યમાં કેદીઓને મનીઓર્ડરની રકમ મોકલનાર સ્વજનો તરીકે કેદીના પતિ-પત્ની, લોહીની સગાઇ ધરાવતા માતા-પિતા, ભાઇ-બહેન, પુત્ર-પુત્રીનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ કેટલાક કેદીઓ વિદેશી નાગરિકત્વ ધરાવતા હોઇ, લોહીની સગાઇ ધરાવતા કેદીના કોઇ કુટુંબીજનો ભારત દેશમાં રહેતા ન હોઇ તેવા સંજોગોમાં વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદીઓના કિસ્સામાં ખાસ કેસ તરીકે કેદીના અન્ય નજીકના સગા-સંબંધી પાસેથી નિયત મનીઓર્ડરની રકમ સ્વીકારવા માટેની મંજૂરી આપવા માટે પણ જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ સંદર્ભઃ(૩)માં દર્શાવેલ ક્રમાંકથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

(પાછળ)

ઠરાવઃ

૧. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી દ્વારા સંદર્ભિત ક્રમાંકોથી કરવામાં આવેલ દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વક વિચારણા કરી, કેદી દ્વારા જેલમાં કેન્ટીન સુવિધાનો લાભ મેળવી શકે તે હેતુથી સ્વજનો તરફથી મેળવવામાં આવતી મનીઓર્ડરની પ્રવર્તમાન નક્કી કરેલ માસિક રૂ.૮૦૦/-ની મર્યાદામાં વધારો કરી માસિક રૂ.૨૦૦૦/-ની મર્યાદા તથા કેદી દીઠ માસિક મહત્તમ રૂ.૮૦૦/-ની કેન્ટીન કુપન ઇશ્યુ કરવાની મર્યાદામાં વધારો કરી રૂ.૨૦૦૦/- કરવાનું આથી નિયત કરવામાં આવે છે.

૨. રાજ્યની જેલોની શિસ્ત અને સલામતીના પરીપ્રેક્ષ્યમાં કેદીઓને મનીઓર્ડરની રકમ મોકલનાર સ્વજનો તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી કેદીના પતિ-પત્ની, લોહીની સગાઇ ધરાવતા માતા-પિતા, ભાઇ-બહેન, પુત્ર-પુત્રીનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ કેટલાક કેદીઓ વિદેશી નાગરિકત્વ ધરાવતા હોય તેમજ લોહીની સગાઇ ધરાવતા કેદીના કોઇ કુટુંબીજનો ભારત દેશમાં રહેતા ન હોઇ તેવા સંજોગોમાં વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદીઓના કિસ્સામાં કેદીના નજીકના સગા-સંબંધી પાસેથી તેઓની ઓળખ દસ્તાવેજી પુરાવા આધારિત પ્રસ્થાપિત કર્યા બાદ નિયત મનીઓર્ડરની રકમ સ્વીકારવા માટેની મંજૂરી આપવામાં આવે છે.

૩. આ હુકમો ઠરાવની તારીખથી અમલી બનશે.

૪. આ અંગેની ઠરાવની વ્યવસ્થા તથા હિસાબો રાખવા અંગેની કાર્યપદ્ધતિનું વ્યવસ્થિત રીતે પાલન થાય તે બાબત સંબંધિત જેલ અધિક્ષકે જોવાનું રહેશે.

૪. કેદીઓને અપાતી કેન્ટીન કુપનની રકમ મર્યાદા તથા તેઓના સ્વજનો તરફથી મળતા મનીઓર્ડરની રકમ મર્યાદામાં વધારો કરવા બાબતનો પ્રસ્તુત ઠરાવ અમલમાં આવ્યેથી સમાન બાબતના અગાઉના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નોંધ પર સરકારશ્રીની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.જયશંકર ઓધવાણી)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે શાખા અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
- સર્વે જેલ અધિક્ષકશ્રી, (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફતે)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ / નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ / શાખા સિલેક્ટ ફાઇલ